સરકારી કર્મચારીઓની બદલીઓ કરવા બાબત.

ગુજરાત સરકાર
જળસંપત્તિ વિભાગ
પરિપત્ર ક્રમાંક: ટીએફએસ-૧૦૮૮-૫૪-ગ
સચિવાલય, ગાંધીનગર. તા. ૭-૯-૧૯૮૮

વંચાણમાં લીધો : સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૩-૬-૭૮નો પરિપત્રક્રમાંક : ટીઆરએફ-૧૦૭૮-૧૭૩૦-ગ.

પરિપત્ર :

જળસંપત્તિ વિભાગના ખાતાના વડાઓની તેમજ તેમના નિયંત્રણ હેઠળના વિભાગો/પેટા વિભાગોમાં વર્ગ-૩ના કર્મચારીઓ ૩ કે ૫ વર્ષ કરતાં વધુ સમયથી એકજ કચેરીમાં એકજ સ્થળે ફરજ બજાવતાં હોવાનું સરકારશ્રીના ધ્યાનમાં આવેલ છે. સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રથી સરકારી કર્મચારીઓની બદલી અંગેના માર્ગદર્શક સિધ્ધાંતો નક્કી કરવામાં આવેલ છે તે મુજબ વર્ગ-૩ના કર્મચારીઓને એકજ સ્થળે ત્રણ વર્ષ પુરા ન કરે તે પહેલાં તેઓને બદલવા નહીં અને પાંચ વર્ષથી વધુ સમય માટે તેઓને એક સ્થળે રાખવા નહીં એવું જણાવવામાં આવેલ છે. આથી વર્ગ-૩ના કર્મચારીઓએ ૩ કે ૫ વર્ષ કરતાં વધુ સમયથી એકજ કચેરીમાં અને એકજ સ્થળે હોય તેમનું સ્થળ ન બદલતાં એક કચેરીમાંથી બીજી કચેરીમાં બદલવા અને જો એકજ સ્થળે બીજી કચેરી ન હોય તો નજીકના સ્થળે તેઓની બદલી કરવા આથી સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ/ખાતાના વડાઓને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આનંદ ઝાલા)
સેકશન અધિકારી
જળસંપત્તિ વિભાગ.

પ્રતિ
જળસંપત્તિ વિભાગહેઠળના સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ.